# સૌને ગમતી સૌને ભાવતી ગુજરાતી થાળીની બોલબાલા

## ચૂંટણીને કારણે રાજકીય પક્ષો દ્વારા મતદારોને આકર્ષવા તથા પક્ષકારો માટે ફૂલ ભોજન વ્યવસ્થાઓ : શહેરમાં ખાણી-પાણી બજારોમાં તેજી



ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત વિધાન સભાની ચૂંટણીની દરેક રાજકીય પક્ષો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ચૂંટણીમાં રાજકીય પક્ષો જીતવા માટે અઢળક પૈસા ખર્ચી કાઢે છે. જેમાં પ્રચારથી લઈ ખાણી-પીણીની વ્યવસ્થાઓમાં ઉમેદવારો પૈસા વાપરવામાં પાછી પાની કરતા નથી. ત્યારે તાજેતરમાં ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર ખાતે આવેલા કમલમ્‌ની આસપાસ રહેલી હોટલો અને ઢાબાઓમાં ગુજરાતી ભોજનની ડિમાન્ડમાં ઉછાળો થયો છે. ચૂંટણીને કારણે લોકોને આકર્ષવા માટે તથા શુભેચ્છકોને ભોજન કરાવવામાં આવી રહ્યું છે. જેમાં હોટલોમાં મળતી ફિક્સ ગુજરાતી થાળી ઓન ડિમાન્ડ છે. તેથી તાજેતરમાં ખાણી-પીણી બજાર ફૂલ તેજીમાં જોવા મળી રહ્યા છે. જેમાં હોટલો અને ઢાબાઓ પર બુકીંગ ફૂલ થઈ રહ્યા છે.

શિયાળાના કારણે ગુજરાતી થાળી સિવાય કાઠીયાવાડી ભોજન પણ ઓન ડિમાન્ડ ચાલી રહ્યુ છે. ગાંધીનગરમાં રાજકીય કાર્યાલયોની આસપાસ રહેલી ખાણી-પીણીમાં ધમધમાટ છે. જેમાં સરગાસણ, કુડાસણ વિસ્તારમાં હોટલો દિવસ-રાત ધમધમી રહી છે. દિવાળીના પર્વોમાં પણ ખાણી-પીણી બજારોમાં જમાવટ રહી હતી. આ બાદ ચૂંટણીના આ પર્વમાં ખાણી-પીણી બજારોમાં ફરીથી ઉછાળો થયો છે.

તેથી તાજેતરમાં વેપારીઓ પણ વ્યસ્ત થઈ ગયા છે. ચૂંટણીના પર્વમાં ઠેર ઠેર નાસ્તાઓ અને ભોજન વ્યવસ્થાઓ પણ કરાતી હોય છે.

અગાઉ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં પણ ઠેર ઠેર ભોજન અને નાસ્તાઓની બોલબાલા રહી હતી. ત્યારે હવે આ તો ગુજરાત રાજ્યની ચૂંટણી થવા જઈ રહી છે

ત્યારે આ મહા સંગ્રામમાં ખાણી-પીણીથી બોલબાલા મોટાપાયે થવાની જ. ત્રણેય પાર્ટીઓ દ્વારા મતદારોને આકર્ષવા માટે ભાવતા ભોજન અને નાસ્તાઓ કરાવવામાં આવશે.

# ચૌધરી સાર્વજનિક વિદ્યાલય ખાતે વાલી બેઠક



ગાંધીનગર, તા.૧૨

જે.એમ.ચૌધરી સાર્વજનિક માધ્યમિક વિદ્યાલય (નોન ગ્રાન્ટેડ) માં પ્રથમ પરીક્ષાના પરિણામ માટે વાલી-વિદ્યાર્થી બેઠક શિક્ષકો સાથે રાખવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્ય તથા શિક્ષકોએ હજી સારુ પરિણામ આવે તે માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરુ પાડયું હતું.



જ્યોતિ મહિલા મંડળ દ્વારા લતાબેન ચોકસીને શ્રધ્ધાંજલિ સાથે જ ભજન કીર્તન કર્યા હતા.



રાજપૂત સમાજ, ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં ગત વર્ષના કાર્યક્રમો અંગે ચર્ચા કરી નવા વર્ષના કાર્યક્રમો ઘડવામાં આવ્યા હતા.

# અનેક બેઠક પર ભાઈ-બહેન, નણંદ-ભાભી આમને સામને

## ચૂંટણી જાહેર થતા જ પરિવારોમાં ઘર્ષણનાં એંધાણ : રાજ્યની ૧૮૨ બેઠકો માટે પ્રથમ તબક્કા માટે ૧ ડિસેમ્બરે અને બીજા તબક્કા માટે ૫ ડિસેમ્બરે મતદાન

અમદાવાદ, તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાતની સાથે જ તમામ પક્ષોએ પોતાના ઉમેદવારોની જાહેરાત પણ શરૂ કરી દીધી છે. તાજેતરમાં જાહેર કરાયેલા ઉમેદવારોની યાદી દર્શાવે છે કે, આ વખતે ચૂંટણી ઘણી બેઠકો પર ખૂબ જ રસપ્રદ બનવાની છે. કેટલીક બેઠકો પર ભાઈ-બહેનો સામસામે છે તો કેટલીક જગ્યાએ ડોક્ટરો દાવેદારી દાખવી રહ્યા છે તો કેટલીક જગ્યાએ એક જ પરિવારના નણંદ અને ભાભી મેદાનમાં છે. રાજ્યની ૧૮૨ બેઠકો માટે પ્રથમ તબક્કા માટે ૧ ડિસેમ્બરે અને બીજા તબક્કા માટે ૫ ડિસેમ્બરે મતદાન થશે.જામનગરમાં બીજેપીએ રવિન્દ્ર જાડેજાના પત્ની રીવાબા જાડેજાને ઉમેદવાર જાહેર કર્યા છે. તેઓ લગભગ ૩ વર્ષ પહેલા બીજેપીમાં સામેલ થયા હતા. તે ખૂબ જ સક્ષમ અને પાર્ટીનો મહિલા ચહેરો છે. આ બેઠક પરથી વર્તમાન ધારાસભ્યને ફરીથી ટિકિટ આપવામાં આવી નથી. આ સાથે જ કોંગ્રેસે રવિન્દ્ર જાડેજાના બહેન નયનાબાને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઘણા લોકો ઈચ્છતા હતા કે નયનાબાને ટિકિટ આપવામાં આવે.

ગુજરાતમાં મોટાભાગે જાતિનું રાજકારણ થાય છે અને અહીં લોકો સત્તા માટે ગમે તે હદે જઈ શકે છે. આ પછી અંકલેશ્વરમાં બે ભાઈઓ એકબીજા સાથે લડતા જોઈશું. કેટલાકને ભાજપે અને બીજાને કોંગ્રેસે ટિકિટ આપી છે. અંકલેશ્વર બેઠક પરથી ભાજપે વર્તમાન ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલને ટિકિટ આપી છે. આ બેઠક પરથી ઈશ્વરસિંહ પટેલ છેલ્લા ચાર વખત ધારાસભ્ય છે. કોંગ્રેસે ઈશ્વરસિંહ પટેલ સામે તેમના ભાઈ વિજયસિંહ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. વિજયસિંહ પટેલે તેમના ભાઈને દરેક સમયે મદદ કરી છે, તેમની સાથે રહ્યા છે. જોકે, એક વર્ષ પહેલા બંને ભાઈઓ વચ્ચે ઝઘડો થયો હતો. હવે બંને વચ્ચે કંઈ જ બરાબર નથી. છ મહિના પહેલા વિજયસિંહ કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૨-૧૫ દિવસમાં ૪૦ રેલીઓ ગજવશે

## કોંગ્રેસનો ગાંધી પરિવાર હજુ પણ આ મુદ્દે મૌન છે, જેમાં રાહુલ ગાંધી ભારત જોડો યાત્રામાં વ્યસ્ત છે

ગાંધીનગર, તા.૧૨

ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ લોકોશાહીના તહેવારનો ઉત્સાહ બમણો થઈ ગયો છે. રાજકીય પાર્ટીઓ અને જે નેતાઓને જવાબદારી મળી ગઈ છે તેઓ પોતાના મત વિસ્તારમાં ફરતા થઈ ગયા છે. પ્રચારના ધમધમાટ વચ્ચે ભાજપના સુપરસ્ટાર પ્રચારક અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ રાજ્યમાં માત્ર ૧૫ દિવસમાં જ ૪૦ જેટલી રેલીઓ ગજવવાના છે. બીજી તરફ કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી ગુજરાતની ચૂંટણી મુદ્દે મૌન છે. રાહુલ ગાંધી હાલ ભારત જોડો યાત્રામાં વ્યસ્ત છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા સતત પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વને રેલીનું ટાઈમ-ટેબલ નક્કી કરવા માટે કહેવામાં આવી રહ્યું છે. બીજી તરફ ભાજપ દ્વારા ક્યારે ક્યાં કેટલી રેલી કરવાની છે તે તમામ તૈયાર કરી દીધી છે. ગુજરાતની વિધાનસભા ચૂંટણીમાં ફરી એકવાર સત્તામાં આવવા માટે ભાજપ દ્વારા વિવિધ તૈયારીઓ કરી નાખી છે, ૧૬૦ ઉમેદવારોને ટિકિટ આપી દેવામાં આવી છે અને તેમના વિસ્તારમાં પ્રચાર માટેના વિવિધ આયોજન કરવામાં આવ્યા છે. આજ રીતે આમ આદમી પાર્ટી દ્વારા પણ નાના પાયે સતત રેલીઓ અને લોકસંપર્કના કાર્યક્રમો આયોજવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં ૧૫ નવેમ્બરથી સભાઓ ગજવવાની શરુઆત કરશે અને માત્ર ૧૫ દિવસમાં તેઓ ૪૦ જેટલી રેલીઓ આખા રાજ્યમાં કરશે. સત્તા પક્ષના સૂત્રો તરફથી મળતી વિગતો પ્રમાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજ્યમાં ૧૨થી ૧૫ દિવસ સુધી રેલીઓ કરશે. આ સિવાય અન્ય સ્ટાર પ્રચારકો પણ રાજ્યમાં ચૂંટણી સભાઓ ગજવશે, જેમાં પક્ષના કેન્દ્રીય નેતૃત્વ, ટીવી અને ફિલ્મ સાથે સંકળાયેલા જાણીતા ચહેરા અને રમત-ગમત સાથે સંકળાયેલા લોકો પણ જોડાશે. હવે જે ૨૨ ઉમેદવારોના નામની જાહેરાત કરવાની બાકી છે તે શનિવાર કે રવિવારે કરવામાં આવશે તેવું પાર્ટીના સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. કારણ કે પહેલા તબક્કાની ચૂંટણીનું ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ ૧૪ નવેમ્બર છે. સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે કે જે બેઠકો પર ભાજપની પક્કડ નબળી છે ત્યાં ઉમેદવારોને આકર્ષિત કરવા માટે મજબૂત કેમ્પેઈન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકોની યાદી તૈયારી કરીને પાર્ટીના નેતાઓને મોકલી દેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય કેન્દ્રીય નેતાઓ આ બેઠકો પર પ્રચાર કરવા માટે મેદાનમાં ઉતરવાના છે. ભાજપ અને આપ ગુજરાતના પ્રચારમાં કોઈ કસર છોડવા માગતા નથી, પરંતુ ગાંધી પરિવાર દ્વારા ચૂંટણી અંગે હજુ સુધી કંઈ કહેવામાં આવ્યું નથી. આ જોઈને ગુજરાત કોંગ્રેસના નેતાઓ પણ ઊંચા નીચા થઈ રહ્યા છે. ગુજરાત કોંગ્રેસ દ્વારા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વમાં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીને સતત પ્રચાર માટેનું ટાઈમ-ટેબલ નક્કી કરવા માટે કહેવામાં આવ્યું છે.

# ચિલોડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો ના નામે મીંડું

## સ્થિતિને ધ્યાનમાં રાખી આગામી દિવસોમાં ટી પી ૧૭ સહિતના વિસ્તારમાં પાણી ગટર અને સ્ટ્રીટ લાઈટ સહિતના કામો હાથ ધરાશે

ગાંધીનગર, તા.૧૨

ગુડા દ્વારા હવે માળખાગત સુવિધાની કામગીરીને અનુલક્ષીને બાકી રહેતા વિસ્તારમાં કામો હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યું છે . ટીપી સ્કીમ નંબર ૧૭ના ચિલોડા વિસ્તાર માં માળખાગત સુવિધાના કામોને અનુલક્ષી આયોજન કરવામાં આવ્યું છે જયારે આગામી ચૂંટણી બાદ અહીં રસ્તા, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટના કામો શરૂ થઈ શકે છે. આ વિસ્તારના રહેવાશીઓની સ્થિતિ માળખાકીય સુવિધાઓ મુદ્દે હાલમાં ગામડા જેવી છે.

ન્યુ ગાંધીનગરનો રાજાની કુંવરીની જેમ વિકસતો વિસ્તાર સરકાર દ્વારા મહાનગર પાલિકામાં ભેળવી દેવામાં આવ્યાના પગલે કામનો બોજો ઓછો થવાથી ચિલોડા વિસ્તારને માટે તૈયાર કરવામાં આવેલી ટીપી સ્કીમ નંબર ૧૭ના સંબંધમાં તમામ માહિતી સાથે અધિકારીઓ દ્વારા ચિલોડાની રૂબરૂ મુલાકાત કરવામાં આવી તેને પણ ખાસ્સો સમય થઈ ગયો છે. નોંધવું રહેશે કે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા છેલ્લા પાંચ વર્ષો દરમિયાન ન્યુ ગાંધીનગરના સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ અને કોબા વિસ્તારમાં પીવાના પાણી, ગંદા પાણીના નિકાલ અને વરસાદી પાણીના નિકાલ, સ્ટ્રીટ લાઈટ અને રસ્તા જેવા માળખાકીય સુવિધાના કામો માટે કરોડોના ખર્ચની યોજનાઓ તૈયાર કરીને તેનો અમલ કરવામાં આવ્યો છે.

પરંતુ ચિલોડા, પેથાપુર સહિતના વિસ્તારો માટે આવી કામગીરી થઈ નથી. ચિલોડા વિસ્તારને ધ્યાન માં રાખી તંત્રના અધિકારીઓએ પણ આ રૂબરૂ મુલાકત લઈને વિવિધ પરિબળો ચકાસી આગામી આયોજન સંદર્ભે પ્લાન પણ તૈયાર કર્યો હતો આ વિસ્તારના નાગરિકોને પણ પણ ગાંધીનગર સમકક્ષ સુવિધાઓ મળવાની આશા બંધાઈ છે. ગાંધીનગર શહિરી વિકાસ સતામંડળના સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર અગાઉ વર્ષ ૨૦૦૬ માંઆ ટીપી સ્કીમને સરકારે મંજુર કરી હતી . આ દરમિયાન જ ન્યુ ગાંધીનગરમાં આવેલી ઘણી ટીપી સ્કીમ પણ મંજુર કરવામાં આવી હતી જયારે હાલ ચિલોડામાં માળખાકીય સુવિધાઓના મામલે કંગાળ સ્થિતિ છે ચિલોડા વિસ્તારમાં માળખાગત સુવિધા ઉપલબ્ધ થાય તે માટે ગુડા દ્વારા આયોજન કરી દેવાયું છે આગામી મહિનાના અંતે કામગીરી પણ શરૂ કરી દેવાશે

# ભાજપ ઉમેદવારોનો ઠેર-ઠેર વિરોધ ઉમેદવાર બદલવા કાર્યકરોની માંગ

## ભાજપમાં નારાજ નેતાઓનું લિસ્ટ લાંબુ : ઉતર ગુજરાતના મહેસાણાની વિજાપુર, કાલાવડ, અમરેલીની સાવરકુંડલા બેઠકમાં જાહેર થયેલા ઉમેદવારનો હાલમાં ભારે વિરોધ, ઉમેદવારો બદલવા કાર્યકરોની માંગ



અમદાવાદ,તા.૧૨

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈ ભાજપે ૧૬૬ બેઠકમાં ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. જેને લઈ અનેક બેઠકોમાં કાર્યકરોએ ઉમેદવારોનો વિરોધ કર્યો છે. ખાસ કરીને મહેસાણાની વિજાપુર, કાલાવડ, અમરેલીની સાવરકુંડલા બેઠકમાં જાહેર થયેલા ઉમેદવારનો હાલમાં ભારે વિરોધ થઈ છે. જેમાં વિજાપુરના કાર્યકરોએ પ્રદેશ કાર્યાલય કમલમમાં, કાલાવડના કાર્યકરોએ અટલ ભવન ખાતે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રીને અને સાવરકુંડલાના કાર્યકરોએ પૂર્વ કૃષિ મંત્રી વી.વી વઘાસીયાના કાર્યાલએ રજૂઆત કરી હતી. ભારતીય જનતા પાર્ટી દ્વારા મહેસાણા જિલ્લાની વિજાપુર બેઠક ઉપર વર્તમાન ધારાસભ્ય રમણ પટેલને રિપીટ કરીને ટિકિટ આપી છે. જેને લઈ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરોએ કમલમ પહોંચી ઉમેદવાર બદલવા માગ કરી છે. આ દરમિયાન કાર્યકરોએ "વિજાપુર બચાવો રમણ પટેલને હટાવો" ના સૂત્રાચ્ચાર કરી સ્થાનિક ઉમેદવારને ટિકિટ આપવા માગ કરી હતી. આ તરફ કાલાવડ વિધાનસભામાં પણ ભાજપના ઉમેદવારનો વિરોધ કરવામાં આવ્યો છે. કાલાવડમાં ભાજપે મેઘજી ચાવડાને ટિકિટ આપી છે. જેથી ભાજપ કાર્યકર્તાઓએ અટલ ભવન ખાતે ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી તરુણ ચુગને રજૂઆત કરીને ઉમેદવાર બદલવા માગ કરી છે. અમરેલીના સાવરકુંડલામાં ભાજપ ઉમેદવાર સામે દાવેદારો અને કાર્યકરોમાં કચવાટ જોવા મળ્યો છે. જેને લઈ પૂર્વ કૃષિ મંત્રી વી.વી વઘાસીયાના કાર્યાલય ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં દાવેદારો કે કાર્યકરોને વિશ્વાસમાં લીધા વિના ઉમેદવારનું નામ જાહેર થવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. વડોદરા શહેર-જિલ્લાની ૧૦ બેઠકોમાં એક મંત્રી સહિત ત્રણ ધારાસભ્યોના પત્તા કપાયા છે. જે ધારાસભ્યોના પત્તા કપાયા છે, તેવા ધારાસભ્યોમાં અને તેમના સમર્થકોમાં નિરાશા જોવા મળી છે. યાદી જાહેર થયા બાદ વડોદરા જિલ્લાની ત્રણ બેઠક પર ભાજપમાં બળવાના એંધાણ વર્તાય રહ્યા છે. વડોદરાની વાઘોડિયા, પાદરા અને કરજણ બેઠક પર બળવાની સ્થિતિ દેખાઈ રહ્યા છે. જેથી મધુ શ્રીવાસ્તવ, સતિશ પટેલ અને દિનુ પટેલ નારાજ થયા છે.

# ૧૬ નવેમ્બરે CM ભૂપેન્દ્ર પટેલ રેલી યોજીને શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારી નોંધાવશે



અમદાવાદ,તા.૧૨

ગુજરાતમાં વિધાન સબભાની ચુંટણીનો દમદાર માહોલ જામ્યો છે. પ્રચાર-પ્રસાર અને જીતના દાવા થઈ રહ્યા છે. જીત માટે ઉમેદવારો મતદારોને રીઝવવા દિવસરાત એક કરીને મહેનતમાં લાગી ગયા છે. તેવામાં ઝસ ભુપેન્દ્ર પટેલ ૧૬ નવેમ્બરે ઉમેદવારી નોંધાવશે. વધુમાં ૧૬ નવેમ્બરે મુખ્યમંત્રી ઝસ ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં વિરાટ શક્તિ પ્રદર્શન પણ કરશે. અમદાવાદની ઘાટલોડિયા વિધાનસભામાં બેઠક પરથી ભુપેન્દ્ર પટેલને ભાજપ દ્વારા ગુજરાત વિધાનસભાના ચુંટણી જંગમાં ઉતારવામાં આવ્યા છે. બે બુધવારે વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભરશે. આ દરમિયાન રેલી યોજીને શક્તિ પ્રદર્શન સાથે ભુપેન્દ્ર પટેલ ઉમેદવારી કરશે. ગત વિધાનસભાની ચુંટણીમાં ભુપેન્દ્ર પટેલના નામે એક રેકોર્ડ છે. જે ૨૦૧૭ ની ચુંટણીમાં રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકોના પરિણામમાં સૌથી વધુ ૧.૧૭ લાખની લીડ સાથે જંગી સરસાઈથી ચૂંટાયા હતા. ત્યાર આ વખતે ૨૦૧૭ જેવો રેકોર્ડ બની શકશે કે કેમ? તે જોવું રહ્યું! ભાજપે અમદાવાદ ઘાટલોડિયા બેઠક પરથી સીએમ ભૂપેન્દ્ર પટેલ અને નિકોલ બેઠક પરથી જગદિશ પંચાલ સિવાય અમદાવાદની તમામ બેઠકો પર નો રિપિટની થિયરીનો અમલ કર્યો છે. ઘાટલોડિયા બેઠક પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સામે કોંગ્રેસે પોતાના અગ્રણી એડવોકેટ અમીબેન યાજ્ઞિકના નામની જાહેરાત કરી છે. મેમનગર નગરપાલિકાના ચેરમેન, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની સ્ટે. કમિટીના ચેરમેન, ઔડાના ચેરમેન સહીત અનેક હોદા પર રહેલા ભૂપેન્દ્ર પટેલને મતવિસ્તારના લોકો અને પક્ષના આગેવાનો દાદાના નામથી પણ ઓળખે છે.

# મધૂસુદન મિસ્ત્રીનાં નિવેદને લગાવી રાજનૈતિક આગ

## ૨૦૧૭ જેવી ભૂલ કરી રહી છે કોંગ્રેસ? : આપત્તિજનક નિવદેન નવી મુશ્કેલીઓ ઊભી કરી શકે

ગાંધીનગર, તા.૧૨

વિધાનસભાની ચૂંટણી માટેનો ઘોષણા પત્ર બહાર પાડ્યાં બાદ કોંગ્રેસ પાર્ટીએ પોતાની મર્યાદાઓ ઓળંગી છે. કોંગ્રેસ પાર્ટીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ બદલવાની ઘટનાને મેનિફેસ્ટોમાં ઉમેરવાની વાત કરી છે. આ પાર્ટીનાં વરિષ્ઠ નેતા મધૂસુદન મિસ્ત્રી પ્રધાનમંત્રી મોદી માટે અપશબ્દોનો પ્રયોગ કર્યો છે. તેમનું આ નિવેદન ૨૦૧૭નાં ટ્રેક મુદા સાથે મેળ ખાય છે કે જ્યારે મણિશંકર અય્યરે પીએમ મોદી પર અપમાનજનક ટિપ્પણી કરી હતી. મિસ્ત્રીનાં નિવેદનથી રાજ્યમાં રાજનૈતિક તૂફાન આવી શકે છે. આ પહેલાં ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટીએ ઘોષણા પત્ર બહાર પાડ્યું. કોંગ્રેસે વચન આપ્યું કે તે ગુજરાતનાં લોકોને ૩૦૦૦ રૂપિયાનું બેરોજગારી ભથ્થું, જૂની પેન્શન સિસ્ટમ, ૧૦ લાખ સુધીની મફત સારવાર, વિજળીનો બીલ માફ કરશે. આ સિવાય પાર્ટીએ એ પણ ઘોષણા કરી કે જો તે સત્તામાં આવી તો નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નામ બદલી દેશે. હવે મેનિફેસ્ટોમાં પાર્ટીનાં વચનનો ઉલ્લેખ કરતાં મધૂસુદન મિસ્ત્રીનાં આ આપત્તિજનક નિવદેન નવી મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

તેમણે કહ્યું કે તે ગુજરાતની ચૂંટણમાં પીએમ મોદીને તેની ઔકાત દેખાડશે. પીએમ મોદી જેટલા પણ પ્રયાસો કરી લે તે સરદાર પટેલ નહીં બની શકે. મિસ્ત્રીનાં આ નિવેદન પર ભાજપે પલટવાર કર્યો છે.